# કવિની અંગત અનુભૂતિનો અહેસાસ | હરીશ વટાવવાળા

[**'અહેસાસ'** (ગઝલસંગ્રહ) (૨૦૦૭) : કવિ ડૉ. દિલીપ મોદી, પ્રકાશક : સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧, ડેમી સાઇઝ, પૃ. ૧૨૦, કિં. રૂ. ૧૦૦/-]

ડૉ. દિલીપ મોદી વ્યવસાયે તબીબ પણ એમનું હૃદય ગઝલથી તરબતર. 'પંથ' (ગઝલસંગ્રહ ૧૯૮૩), 'દાખલા તરીકે તું' (ગઝલસંગ્રહ ૧૯૯૦) અને હવે 'અહેસાસ' (ગઝલસંગ્રહ ૨૦૦૭) ભાવકને અંકે કરે છે. વચ્ચે વચ્ચે 'હે સખી ! સંદર્ભ છે તારો અને...' (૧૯૯૭) અને 'હે સખી ! સોગંદ છે મારા તને –' (૨૦૦૪) મુક્તકસંગ્રહ પણ આપ્યા છે. કોઈ પણ ગુજરાતી કવિએ સંખ્યાની દૃષ્ટિએ આટલાં મુક્તકો (૧૫૦૦થી ૨૦૦૦) આપ્યાં હોય તેવું મારી જાણમાં નથી.

તેમની તલસ્પર્શી રચનારીતિ, નિરૂપણનું તાટસ્થ્ય, વસ્તુલક્ષિતા, ગઝલમાં ઝીણવટભર્યું નિરીક્ષણ, પોતીકું સંવેદન, વગેરે તેમની ગઝલમાં ઓગળીને સમરસ થઈને પ્રકટે છે. તો કવિની અભિવ્યક્તિની તિર્યક ગતિ, ચોક્કસ અભિવ્યક્ત અર્થની પુનર્રચના – determinate actual meaning – કરવાનું તાટસ્થ્ય પણ આ સર્જકે કેળવ્યું છે. એ રીતે તેમની ગઝલોની તપાસ કરતાં તેમના પૂર્વે પ્રકટ થયેલ ગઝલસંગ્રહ કરતાં તેઓ અહીં – અહેસાસમાં – જુદા પડે છે. તેમણે તેમનો 'personal word' શોધી કાઢ્યો છે. જેને કારણે એમની ગઝલનો ભાવક પણ એનો અનુભાવક બનતાં એ 'interpersonal' બની રહે છે. અહીં સર્જક-અનુભૂતિ એ ભાવક-અનુભૂતિ બની જાય છે.

આ સર્જકની ગઝલમાં સરળ અભિવ્યક્તિ, લયની છટા અને કાવ્યભાવનો સ્ફટિકમય આનંદ પ્રકટતો જોઈ શકાય છે. જેને કારણે સર્જક દ્વારા ગઝલને સ્વતંત્ર અસ્તિત્વ પ્રાપ્ત થાય છે. આ સર્જકનું મન ગઝલનિરૂપણ સમયે યોગ્યતમ રચનારીતિની શોધ તરફ વળે છે અને એ પ્રક્રિયામાં તે ઓતપ્રોત થઈ જાય છે. એનું ચિદાવરણ સતત સક્રિય અને ગતિશીલ રહ્યું છે. પરિણામે ગઝલ સર્જનાત્મક ચિત્રક્રિયાની મુદ્રા ધારણ કરે છે. એ જ તો કૃતિની સાર્થકતા છે. એક સર્જક તરીકેનો પરિતોષ આ સર્જક એમના સર્જનમાંથી પ્રાપ્ત કરે છે. એટલે જ એમની સર્જનપ્રક્રિયા સ્ફટિકમય બની રહી છે. કવિ પોતાના વિચારવિશ્વને વ્યક્ત કરવા માટે ગઝલ પાસે ગયા હોય તેમ પ્રતીત થાય છે. તો ભાવસંક્રમણનો ઉન્મેષ અને વિવેક કવિ દિલીપ મોદીની ગઝલોમાં જોવા મળે છે. આ કવિની ગઝલો એમના અંગત જીવનની અનુભૂતિની આરસી છે.

કવિ દિલીપ મોદીએ એમના જીવનમાં જે અનુભવ્યું એ જ એમની ગઝલોમાં ઊતરી આવ્યું છે. સર્જક જેમ જેમ આત્મલક્ષી બને છે તેમ તેમ તે વધુ ને વધુ શબ્દની નજીક પહોંચીને પરકાયાપ્રવેશ કરી શકે છે. આત્મલક્ષી બનેલો સર્જક સબળ શબ્દ લઈને આવે છે. તેની આંતરચેતનાને જાગ્રત કરી પોતાના ધ્વનિનો ગુંજારવ કરીને દિશાઓને વીંધી જાય છે. આ કવિ પોતાના આંતરવિશ્વમાં અનુભવાતી સંવેદનાને જુદા જુદા ઘટનાસંદર્ભોમાંથી પસાર કરી તેનું અનુભાવન કરી ગઝલ દ્વારા વ્યક્ત કરે છે.

કવિની ગઝલોનો શબ્દ વેદનામાં પ્રકટ થયેલો જોઈ શકાય છે :

**વ્યક્ત કરવો શબ્દમાં કેવી રીતે ?**
**ક્યાંક છે ડૂમો, ખબર પડતી નથી.** (પૃ. ૧)

ડૂમો છૂટે તો વ્યક્ત થઈ શકાય, પીડાની ભાષાને ઉકેલી શકાય, ઝુરાપાને હળવો કરી શકાય, પ્રિયતમાની અવહેલના અને અવગણનાને જાણી શકાય : કોઈની આગળ વ્યક્ત કરી શકાય, અહીં વેદનાની પીડા તારસપ્તકે પહોંચી છે. એટલે જ કવિ કહેતા હશે :

**શ્વાસ પર આધાર રાખ્યો મેં સતત,**
**એ સદાને માટે બસ ચાલ્યો ગયો.'** (પૃ. ૮)

આપણે જેનો વિશ્વાસ કરીએ એ જ જો વિશ્વાસઘાત કરે તો એ આઘાત સહી શકાતો નથી. પીડાની ટીસ હૃદયસોંસરી ઊતરી જાય છે. એ ઘા જિંદગી પર્યંત રૂઝાતો નથી. માટે જ શ્વાસ પર વિશ્વાસ કરવો નકામો છે. તેમ છતાં આ કવિ શ્રદ્ધાળુ છે, કલ્પનાવાદી છે અને વાસ્તવવાદી. એ વાસ્તવિકતાનો સ્વીકાર પણ કરે છે. 'મારી શ્રદ્ધા આજ પણ ડૂબી નથી.' એમ કહેનાર આ કવિ કહે છે :

**વાસ્તવિકતાએ ગળું ટૂંપ્યું છતાં**
**કલ્પનાની લત હજી છોડી નથી.** (પૃ. ૨૦)

અને કવિ એની પ્રેમિકાને પોતાના તરફ વાળવા ઠપકો પણ આપે છે :

**ભાવના ક્યાં ગઈ સમર્પણની કહે ?**
**કેમ જોખમ ખેડવા રાજી નથી ?** (પૃ. ૨૦)

આ કવિને 'ત્યાગ ને કર્તવ્યની પોકળ કથા' સાંભળવી નથી. એ તો વાસ્તવવાદી છે. સત્યનો જ સ્વીકાર કરનારો છે. એ મૈત્રીનાં બીજનો વાવેતર છે, આંખોમાં અકબંધ સ્વપ્નાં સાચવનારો છે, કર્મનાં પરિણામોનો સ્વીકાર કરનારો છે. આ સ્વીકાર એટલે –

**મારું મન હિજરાય છે તારા વગર**
**આવ ને હલચલ મચાવી દે હવે.** (પૃ. ૩૦)

જેની ગેરહાજરીથી હૃદય હિજરાયા કરે છે, એ (પ્રેમિકા) કદાચ પરબીડિયામાં પત્ર નહિ પણ માત્ર ફૂંક મોકલે તો પણ બગીચાની સુગંધની જેમ શ્વાસમાં ભરી લેવાનું મન થાય. પછી તે (કાવ્યનાયક) એમ પણ કહે :

**એની છે તાકાતનો પરચો મને**
**વેદનાને આવકારું શી રીતે ?** (પૃ. ૩૫)

માત્ર એક ફૂંકથી જ હૃદય હચમચી જાય એ તાકાત કંઈ ઓછી નથી ! એનાં લેખાંજોખાં ના લેવાય, એ તો ઝેરનાં પારખાં છે, રોમરોમે સળગી ઊઠેલી ઘટના જેવું છે. ઘટના તો લાંબા સમય સુધી ચાવીને એના રસના ઘૂંટ ગળે ઉતારવા જેવી છે. સંબંધના બંધ ભલે છૂટી ગયા હોય પણ જીવનમાં પ્રથમ પ્રેમ એ જીવનપર્યંત હૃદયમાં સ્મૃતિ બનીને ધબક્યા કરે છે. એટલે જ આ કવિ કહે છે :

**આપણો સંબંધ તૂટ્યો છે ભલે**
**પાન માફક રોજ ચાવું છું હજી.** (પૃ. ૪૦)

આ સંબંધવિચ્છેદ પછી તો કાવ્યનાયકની સ્થિતિ શી થાય છે ? એ તો જેણે પ્રેમનાં પારખાં કર્યાં હોય એ જ જાણે ! એ ખાલીપો, એકાકીપણું, ઝુરાપો, પીડા, યાતનાને કવિ એક

શેઅર દ્વારા વ્યક્ત કરે છે :

**આ અલગતા પણ દઝાડે છે મને**
**ઇચ્છું કે ઝાકળભીની તું રાત આપ.** (પૃ. ૪૧)

તેમ છતાં –

**તું નથી ને જિંદગી લાગે અધૂરી**
**આ સમય થાકી ગયો છે ઝૂરી ઝૂરી.** (પૃ. ૭૨)

પ્રિયતમાની ગેરહાજરી, સ્મૃતિનાં સાત પડળ ભેદીને પણ મનમાં વલવલે છે, વેદનાની ટીસ હૃદય ચીરીને બહાર આવે છે અને તારસપ્તકે ચીસ પાડીને હૃદય પોકારી ઊઠે છે :

**મારી તું તકદીરને બદલી શકે**
**તક ગુમાવેલી ફરી લાવી શકે.** (પૃ. ૮૪)

અહીં પ્રિયતમાનું સતત સાન્નિધ્ય ઇચ્છતો પ્રેમી કહે છે : 'તારી તરસને તું ચહુ દિશે વહેતી કરે તો એ તરસના જળ વડે પણ મને સ્પર્શી શકે તેમ છે.' આ તરસ મોકલવાની વાત એટલે દર્દમાં ભાગીદારી કરવાની ઘટના :

**ભાગીદારી તુંય કર થોડી, પ્રિયે !**
**દર્દનો દરિયો છું હું, ડૂબી શકે.** (પૃ. ૮૪)

પ્રેમ એ જાહેર અસ્કામત છે, એને છૂપો રાખી શકાય નહીં, એને તો એકમેકમાં પ્રસરાવવાનો અને પછી વિકસાવવાનો છે, એ તો કળીમાંથી ફૂલ બનવાની પ્રક્રિયા છે, ધીમે ધીમે ગુંજતી વિરહની બાંસુરી છે, હૂંફની હાજરી છે, હોવાપણાનો અહેસાસ છે. માટે જ જો સત્યનું ચિત્ર કૅનવાસ પર દોરી શકાય તો જ પ્રેમનો મહિમા ગાઈ શકાય. પ્રેમ તો જાદુઈ છડી છે. આ સંદર્ભે કવિ કહે છે :

**સૌ સમસ્યા સ્પર્શથી ઊકલી શકે**
**એવી હું શોધું છું જાદુઈ છડી.** (પૃ. ૯૫)

કાવ્યનાયકને 'સૌ સમસ્યા સ્પર્શથી ઊકલી શકે' એવી જાદુઈ છડી મળી જાય તો પણ એની સમસ્યાનો અંત આવી શકે તેમ નથી. એને સાચું કહું, હકીકતનો સહારો જ મળ્યો નથી ! એની એષણાઓનો અંત નથી. એટલે જ તે આફતોની જાળમાં ફસાતો રહે છે. પછી એમ કહેવાનો અર્થ ખરો ? કે –

**શાંતિ છે તોફાન પૂર્વેની 'દિલીપ'**
**કેટલી મેં સાવચેતી રાખી છે !** (પૃ. ૯૭)

એટલે જ કાવ્યનાયકને કહેવું પડે છે :

**લ્યો, અજાણ્યા ભય તળે જીવું છું હું**
**તથ્યના આભાસમાં લટકું છું હું.** (પૃ. ૧૦૧)

કવિ ડૉ. દિલીપ મોદીના ગઝલસંગ્રહ 'અહેસાસ'માંથી પસાર થતાં પ્રથમ દૃષ્ટિએ આ કવિ ઝુરાપો, વેદના, વિરહની પીડાથી ઝૂરતા કવિ છે. વર્ષો પહેલાં સેલિનકોર્ટનું 'On Reading Poetry' વાંચતાં જે આનંદ થયેલો એને મળતો આનંદ 'અહેસાસ' (ગઝલસંગ્રહ) વાંચતાં થયો. સેલિનકોર્ટ બ્રેડલીનું એક વાક્ય ટાંકવાનું મન થાય છે : 'Poetry is in the world, but not of the world.' અર્થાત્ કવિતાની દુનિયા છે, પણ દુનિયાદારીની ચીજ નથી – અપાર્થિવ છે. કાવ્યનું અસ્તિત્વ સર્જક એને સર્જે તે પછી એકાધિક રૂપે સંભવિત બને એવી સંભાવનાઓ અહીં 'અહેસાસ'માં જોવા મળી છે.

આ કવિએ માત્ર રમલ છંદનાં આવર્તનોમાં જ ગઝલદેહ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. એક જ છંદમાં ભાષાપ્રભુત્વ અને ભાષાવૈવિધ્યનો અહેસાસ કરાવવો એ ઘણું અઘરું છે. તેમ છતાં બંને રીતે આ કવિ સફળ રહ્યા છે. એ રીતે ગઝલક્ષેત્રે એમનું સર્જકત્વ ધ્યાનાર્હ બન્યું છે.